# ગઝલ–ગીત

## –દેવીકા ધ્રુવ

### 1. સાંજ વેળા

સલુણી આજ આવીને, ઉભી આ સાંજ ઝળહળતી;
જરા થોભો અરે સુરજ, ન લાવો રાત ધસમસતી.
હજી હમણાં જ ઉતરી છે, બપોરે બાળતી ઝાળો,
જરા થોભો અરે ભાનુ, ભુલાવો વાત બળબળતી.
હજી મમળાવવી મારે, અહીં કુમાશ કીરણોની,
જરા થોભો અરે સુરજ, હતી સુબાહ ઝગમગતી.
અહો કેવી મધુરી સ્હેલ આ સંસારસાગરની,
જરા થોભો અરે નાવીક, ભલે આ નાવ ડગમગતી.
કટુ, કાળી અને અંતે જતી અણજાણ નીર્વાણે,
જરા થોભો અરે ધાત્રી, સજું એ રાત તનમનથી !!
સલોની આજ આવીને, ઉભી આ સાંજ ઝળહળતી;
જરા થોભો અરે સુરજ, ન લાવો રાત ધસમસતી..

### 2. કોને મળી ?

જીન્દગી કલ્પી હતી તેવી, કહો કોને મળી ?
બન્દગી જેની કરી તેની, કહો કોને ફળી !
વાવણી કોઈ કરે ને કાપણી કોઈ કરે,
ચાંદ ઉગે આભમાં ને ચાંદની સૌને મળી.
ઈશ્વરે હૈયાં ઘડ્યાં, ઈન્સાનનાં ફુલો સમાં,
ઘાટ કીધો પથ્થરોથી ઈશનો સૌએ મળી.
મોકળું મેદાન દીધું વીશ્વનું જેણે સદા;
માનવીએ કેદ કીધો મન્દીરે એને વળી !

**પારધીના બાણથી વીંધાય પંખી વૃક્ષનું.**
**તોય બાંધે નીજનો માળો લઈ ચાંચે સળી.**
**જીન્દગી કલ્પી હતી તેવી, કહો કોને મળી ?**
**બન્દગી જેણે કરી તેની, કહો કોને ફળી !**

## 3. નગર જુઓ...

(અમેરીકાના ન્યુ યૉર્ક જેવાં મોટાં શહેરોની આમાં વાત છે.)

શીસ્તના શાસન થકી આ ચાલતું નગર જુઓ,
આભની વીજળી સમું આ આંજતું નગર જુઓ.
પુર્વની રીતો અને વે'વારથી જુદું ઘણું,
માનવીને યંત્રમાંહે શારતું નગર જુઓ.
રાતદી' આઠે પ્રહર ડૉલરની દોડધામમાં,
આદમીને હરપળે પલ્ટાવતું નગર જુઓ.
દુરથી સોહામણું ને પાસથી બીહામણું,
દમ્ભને મોહે જીતાઈ હારતું નગર જુઓ !
શાખ મોટી મોભની તીજોરી ખાલી ખાલી આ,
દાણ–વીમાને પથારે કાંપતું નગર જુઓ.
લાકડાના લાડુ જેવી ખેંચતી પછાડતી,
જીન્દગીને ભવ્યતાથી માપતું નગર જુઓ.

## 4. હોતી હશે....?

તસ્વીર કોઈની કદી શું બોલતી હોતી હશે ?
તોયે છતાં કેવી રીતે એ વીંધતી હોતી હશે !
યુગયુગ વીત્યાં વીશ્વાસના પ્રગ્ટે અહીં દીવા બધા,
તેથી જ ના દેવોની વાતો ખુટતી હોતી હશે.
પંખી બધાં ઉડી ગયાં, માળા અહીં જંપી ગયા,
સુરાવલી બહેલાવવા આ ગુંજતી હોતી હશે !
પાસે જતાં ચુભી રહો ને દુરથી ખેંચી રહો,
કાંટા ભરી ફુલો તણી આ લાગણી હોતી હશે ?

કોઈ કહો આ વીજળી ક્યાંથી કદી આવી પડે ?
ઈશ્વર તણા હસ્તાક્ષરો સરકાવતી હોતી હશે !

## 5. શતદલ

શતદલ પંખ ખીલત પંકજ પર,
હસત નયન જ્યમ શ્યામ વદન પર.
શત શત બુંદ સરક દલ વાદળ,
ભીંજત બદન નર–નાર નવલ પર.
ઘનન ઘનન ગરજત નભમંડળ,
કરત ક્યાંક કલરવ ખગ તરુવર.
છલ છલ છલકત જલ સરવર પર,
નાચત મંગલ મયુર મનોહર.
સર સર સુર સજત દીલ મોહક,
ભુલત ભાન વનરાવન ગોપક.
પલપલ શબદ લખત  મનભાવન,
ઝરત પ્રીત મન કરત પાવન.
લીલ રંગ ધરા ધરત અંગ પર,
સોહત સુંદર સદ્યસ્નાત સમ.
મસ્ત મસ્ત  બરસત અવીરત ઝર,
ઝુલત ફુલ શતદલ મધુવન પર.

## 6. તડકો

તડકો વીંટીને અંગ બેઠાં'તાં સંગસંગ,
હુંફાળા હાથ લઈ હાથમાં.
આભનાં તે વાદળને આવી ગઈ ઈર્ષા,
સુરજને ઢાંક્યો લઈ બાથમાં.
આદરી રમત કેવી પકડાપકડીની,
જાણે ઈશારે સમજીને સાનમાં !

સરતો ને તરતો એ દરશન દઈ દે,
દુર કેમે ના જાય પેલાં વાદળાં.
વ્હારે આવ્યો વા અડકીને આંગણે,
વેગે ફુંકાયો પાનપાનમાં,
ચાલ્યું ના બળ તેથી બની મજબુર,
વીખરાયાં ધીરે વરસાદમાં.
ઝરમરતી ઝીલની મસ્તીને માણતા,
ગુંથાયા સ્નેહભરી સાંજમાં;
ભીનીભીની ક્ષણોને વીણીવીણીને પછી,
વાગોળી જુની વાતવાતમાં.
તડકો વીંટીને અંગ બેઠાં'તાં ઉંબરે,
ભીંજાયા કુદરતના રાગમાં.

## 7. નથી હું મીરાં કે નથી હું રાધા....

શમણાંમાં આવીને પુછ્યું છે રાજ્જા,
તો કહી દઉં છું સીધું તું સાંભળ, હે કાના,
નથી હું મીરાં કે નથી કોઈ રાધા,
શબરી નથી કે કરું બોર હું અજીઠાં.
મારે તો વનરાવન કે મથુરા,
કદમ્બ કે ગોકુળ સઘળુંયે વેબમાં !
તેથી ફરું હું તો નેટના જગતમાં,
તારા તે જગમાં ક્યાં હવે છે મણા ?
આવીને  મળે તો માનું અહીં વેબમાં,
જોજે ભુલીશ મા, કે'જે ઈમેઈલમાં,
વેબકેમ મન્દીરના ખોલી દઈશ બારણાં,
આરતી ઉતારીને  લઈશ ઓવારણાં.
પુજું તો છું જ આમ રોજ રોજ શબ્દમાં,
પામીશ ધન્યતા અક્ષરના ધામમાં.
અર્પી સર્વસ્વ તને બાંધીશ વચનમાં,
છોડી દે વાંસળી ને ખેરવી દે મોરપીંછ;

છેડી દે સ્નેહસુર ને  ફેરવી દે પ્રેમપીંછ,
ખીલવી દે ક્યારો આ વીશ્વના બાગમાં.
શમણાંમાં આવીને પુછ્યું છે રાજ્જા,
તો કહી દઉં છું સીધું તું સાંભળ, હે કાના.......

## 8. ચાલ્યાં શબદને સથવારે.

**લો, અમે તો ચાલ્યાં પાછા શબદને સથવારે....**

**મબલખ અઢળક ઘેરી ઘેરી વરસ્યાં નવલખ ધારે,**
**વાંકા કાંઠા તોડી દોડ્યા ઉરસાગરને નાદે,**
**લો, અમે તો ચાલ્યાં પાછા કલમની કીરતાલે........**

**તટના ત્યાગી નામ પછી તો ઉડાન પાંખે પાંખે,**
**ટમટમ ટમકે અક્ષર જાણે નભને તારે તારે,**
**લો, અમે તો ચાલ્યાં પાછા અક્ષરને અજવાળે.........**

**રોમરોમ શરણાઈ વાગે, કલરવ ડાળે ડાળે,**
**મઘમઘ રંગ સુગંધ બનીને મ્હેકે મનને માળે,**
**લો, અમે તો ચાલ્યાં પાછા શારદમાને ખોળે...........**

**હળવે હળવે જીવને શીવનો રસ પરમ અહીં જાગે,**
**જુઠ્ઠા જગનો કાજળ કાળો અહમ્ ભરમ સહુ ભાગે,**
**લો, અમે તો ચાલ્યાં પાછા શબ્દ-બ્રહ્મની પાળે...........**

## –દેવીકા ધ્રુવ

સર્જક–સમ્પર્ક:
DEVIKA DHRUVA
**11047, North Auden Circle, Poet's Corner,**
**Missouri City, TX 77459-USA**

Phone -281-778-9120 Cell No. 281 415 5169, eMail ID- ddhruva1948@yahoo.com
Websites: http://devikadhruva.wordpress.com and
www.devikadhruva.gujaratisahityasarita.org

પ્રકાશીત કાવ્યસંગ્રહ : ‘શબ્દોને પાલવડે’ (પ્રાપ્તીસ્થાન: કવયીત્રીને એમની ઉપરોક્ત આઈડી પર ઈ–મેઈલ લખવી. મુલ્ય ભારતમાં રુપીયા 250 + પોસ્ટેજ, ભારત બહાર ડૉલર 10 + પોસ્ટેજ. લંડન–યુ.કે.માં મેળવવા nayana47@hotmail.com **પર ઈ–મેઈલ લખવી.)**

(‘**સન્ડે–ઈ–મહેફીલ**’ના આ અંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર ન્યુ જર્સી–અમેરીકાના પ્રસીદ્ધ હાસ્યલેખક ભાઈ **શ્રી હરનીશ જાની** (harnish5@yahoo.com)નો ખુબ ખુબ આભાર...... બળવન્ત પટેલ - ઉત્તમ ગજ્જર)

(♦)

**‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષ: સાતમું – અંક: 222 –July 17, 2011**

**‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર – uttamgajjar@gmail.com**

(●)(♦)(●)

Earlier Articles of all ‘Sunday eMahefil’s can easily be downloaded from our website:
http://www.gujaratilexicon.com/index.php?action=downloadSeM

(♦)(●)(♦)(●)(♦)

More than 82,00,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 8,30,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 1,40,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

You too are invited to visit Gujaratilexicon with a new interface.

(●)(♦)(●)(♦)(●)(♦)(●)